★

પૂ. આ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રન્થમાલા

પ્રકાશિત પ્રભાવના-પુસ્તિકા-શ્રેણિની

બીજી પુસ્તિકા

રાજર્ષિ પ્રસન્નચન્દ્ર

લેખક : શ્રીકાન્ત

પહેલી આવૃત્તિ — પ્રત ૭૩૫૧

આશ્વિન પૂર્ણિમા : વી. સં. ૨૪૬૫ : વિ. સં. ૧૯૯૫

★

—: મળવાનું ઠેકાણું :—

ચીમનલાલ નાથાલાલ શાહ [શ્રીકાન્ત]

શ્રી વીરશાસન કાર્યાલય : રતનપોળ : અમદાવાદ.

પ્રભાવના-પુસ્તિકા-શ્રેણિ : બીજી પુસ્તિકા

રાજર્ષિ પ્રસન્નચન્દ્ર

નહિ જેવા નિમિત્તે પડનાર ને નહિ જેવા નિમિત્તે ચઢનાર
એક મહાપુણ્યાત્માની હૃદયસ્પર્શી પવિત્ર જીવનકથા

: લેખક :

ચીમનલાલ નાથાલાલ શાહ [શ્રીકાન્ત]

પાડાપોળમાં ચંગપોળ : રીચીરોડ : **અમદાવાદ**

: પ્રકાશક :

પૂ. આ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રન્થમાલા
તરફથી માસ્તર હીરાલાલ રણછોડભાઈ,
ગોપીપુરા : **સુરત.**

: મૂલ્ય :

૧૦૦ નકલોના ૫ રૂ.	卐	**૫૦૦ નકલોના ૨૨ાા રૂ.**
૨૫૦ ,, ૧૨ રૂ.		**૧૦૦૦ ,, ૪૨ાા રૂ.**

પ્રથમાવૃત્તિ] **છૂટક-એક આનો** **[નકલ ૭૩૫૧**

વીર સં. ૨૪૬૫ : વિ. સં. ૧૯૯૫ : આશ્વિન પૂર્ણિમા

લેખકનું નિવેદન

પ્રભાવના તરીકે નાના કદની પુસ્તિકાઓ વહેંચવાની મનોવૃત્તિ પ્રતિદિન વૃદ્ધિ પામતી જાય છે. એવી મનોવૃત્તિવાળા ધર્મપ્રેમી જનોને નડતી મુશ્કેલી દૂર કરવાના અને ધર્મવૃત્તિને સુદૃઢ બનાવવામાં સહાયક કથાસાહિત્યનો પ્રચાર કરવાના હેતુથી આ શ્રેણિ શરૂ કરવામાં આવી છે. પહેલી પુસ્તિકા તરીકે "કુબેરદત્તા" નામની એક વેશ્યા-કુમારિકાની રહસ્યપૂર્ણ જીવનકથા ચાલુ વર્ષમાં શ્રી પર્યુષણપર્વના સમયે પ્રગટ થઈ હતી, જેની તાત્કાલિક બીજી આવૃત્તિ પ્રગટ કરવાની ફરજ પડી. બીજી પુસ્તિકા તરીકે આ પ્રગટ થાય છે. ત્રીજી પુસ્તિકા સંબંધી પુંઠાના છેલ્લે પાને જાહેરાત મૂકાએલી છે. આ શ્રેણિ માટે કોઈ પણ પ્રકારનું ફંડ નથી, એટલે સમાજમાં આ પુસ્તિકાઓનો જો મોટી સંખ્યામાં ઉપાડ થયા કરે તો જ આ શ્રેણિને વેગ આપી શકાય અને ચાલુ સસ્તા દરોએ વેચી શકાય. લેખકનો આ અંગત વ્યવસાય નથી, એટલે બહુ મોટી સંખ્યામાં પુસ્તિકાઓનું વેચાણ થાય અને કદાચ કાંઈક બચત રહે, તોય તે આ પ્રવૃત્તિમાં વપરાશે, એની સૌએ ખાત્રી રાખીને જ સહાય કરવાની છે.

પૂ. પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન, શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના આલેખનને આંખ સામે રાખીને જ આ પુસ્તિકા લખી છે. સ્થલે સ્થલે સંભવિત કલ્પનાઓનો પણ આશ્રય લીધો છે. સત્ય ઘવાય નહિ પણ વધારે સ્પષ્ટ બને, એ દૃષ્ટિ કલ્પનાઓ કરતાં ભૂલાઈ નથી. છતાં મારી મતિમન્દતા આદિના કારણે જો કોઈ પણ પ્રકારની ભૂલ રહી જવા પામી હોય, તો તે બદલ ક્ષમા યાચું છું અને તે સૂચવવાની કૃપા કરવા સુજ્ઞોને વિનંતિ કરૂં છું. આ કોઈ નવલિકા નથી પણ પ્રતિબોધની દૃષ્ટિએ લખાએલી ધર્મકથા છે, એ વાત ધ્યાન ઉપર રાખીને જ વાંચવા-વિચારવાની વિનંતિ છે.

—શ્રીકાન્ત

— રાજર્ષિ —

પ્રસન્નચન્દ્ર

[૧]

પોતનપુર નામનું એક નગર હતું. સોમચન્દ્ર નામના રાજા ત્યાં રાજ્ય કરતા હતા. રાજાનું નામ જેમ સોમચન્દ્ર હતું, તેમ તેમની પ્રકૃતિ પણ ચન્દ્ર જેવી સૌમ્ય હતી. ધારિણી નામે તેમની પત્ની હતી. શીલને જ તે પોતાનો અલંકાર સમજતી. વિવેકરૂપ પાણીની એ વાવડી સમાન હતી. સતીધર્મનું પાલન કરવામાં તે સદા તત્પર રહેતી. રાણી હોવા છતાં પણ પતિની સેવા તે જાતે જ કરતી.

એક વાર રાજા સોમચન્દ્ર ગવાક્ષમાં બેઠા હતા અને ધારિણી પોતાના કરકમલથી પોતાના પતિના માથાને ઓળતી હતી. અચાનક ધારિણીએ કહ્યું કે–' સ્વામિન્! દૂત આવ્યો.'

રાજાઓ દૂતનું નામ સાંભળતાં જ ચોંકનારા હોય છે. દૂતને તેઓ આવનારી આફતનો સંદેશવાહક સમજે છે. દૂત આવ્યો એટલે આફત આવી, એમ તેઓ માને છે. સોમચન્દ્ર પણ દૂતનુ નામ સાંભળીને ચોંક્યા અને આજુબાજુ જોવા લાગ્યા. સર્વ દિશાએ નજર ફેરવવા છતાં તેમણે કોઈ ને ય આવતો કે આવીને ઉભેલો જોયો નહિ. આથી ધારિણીને પૂછ્યું કે–' ક્યાં છે એ દૂત ? મારાથી તો દેખાતો નથી.'

અત્યાર સુધી મુશ્કેલીએ ખાળી રાખેલા પોતાના હાસ્યને ધારિણીએ વહેતું મૂક્યું. હસતાં હસતાં તેણે કહ્યું : ' નાથ ! કોઈ અન્ય મહીપતિનો એ દૂત નથી, પણ ધર્મરાજાનો દૂત છે. આ રહ્યો એ.'

આટલું કહીને ધારિણીએ સોમચન્દ્રના મસ્તક ઉપરથી એક સફેદ વાળને ખેંચી લીધો અને સોમચન્દ્રના હાથમાં મૂક્યો.

વૃદ્ધાવસ્થાના યૌવનઘાતક શસ્ત્ર સમા એ કેશરાજને જોતાં જ, સોમચન્દ્રનું મુખ વિષાદથી મલિન બની ગયું. જાણે ચન્દ્રને રાહુએ ગળ્યો.

એથી પતિભક્તા ધારિણી પણ વિલખી પડી ગઈ: પરન્તુ તેને તો પોતાના સ્વામિના વિષાદને દૂર કરવો હતો. તેણીએ વિનોદ આદર્યો.

"દેવ! આપને શું વૃદ્ધપણાથી શરમ ઉપજે છે, કે જેથી આપ એક માત્ર સફેદ વાળને જોતાં જ શોકમાં ગરકાવ બની ગયા? વૃદ્ધપણાથી આપને જો શરમ આવતી હોય, તો હું પટહ વગડાવીને ઉદ્-ઘોષણા કરાવું કે–કોઈએ પણ સોમચન્દ્ર રાજા વૃદ્ધ બન્યા છે, એવી વાત સરખી પણ કરવી નહિ."

રાજા સોમચન્દ્ર હવે મૌન રહી શકયા નહિ. તેમણે ગંભીરતાથી કહ્યું: "સફેદ વાળ જોઈને વૃદ્ધત્વ આવવાની ચિન્તાથી હું દુઃખી નથી. મારા દુઃખનું કારણ બીજું જ છે. દેવી! દુઃખ તો મને એ વાતનું છે કે–મારા પૂર્વજોએ માથે સફેદ વાળ આવતાં પહેલાં જ સંસારનો ત્યાગ કર્યો છે, જ્યારે મારે માથે સફેદ વાળ આવી જવા છતાં ય હું હજુ વિષયાસક્ત છું."

રાજાના આ દર્દભર્યા કથને ધારિણીને પણ ગંભીર બનાવી દીધી. તેણે કહ્યું: "પ્રાણેશ! આપની ચિન્તા વ્યાજબી છે, પણ કેવળ ચિન્તાથી કાર્યસિદ્ધિ થોડી જ સધાવાની છે?"

"બરાબર છે, દેવી! તારૂં કહેવું તદ્દન સાચું છે. ચિન્તા કર્યા કરવા કરતાં તો 'જાગ્યા ત્યારથી સવાર' એમ માનીને પ્રવૃત્તિ આદરવી, એ જ કલ્યાણમાર્ગ છે. હું તો આજે જ વ્રત ગ્રહણ કરી લઉં, પણ આ દુધપીતા છોકરાને રાજગાદી ઉપર બેસાડાય શી રીતિએ?"

એકદમ નિરવતા પ્રસરી રહી. રાજા અને રાણી વિચારમાં ગરકાવ બની ગયાં. સોમચન્દ્રે થોડી જ ક્ષણોમાં નિર્ણય કરી લીધો.

"ધારિણી! વ્રતના અભિલાષિએ રાજ્યની કે પુત્રની ચિન્તા કરવાની હોય નહિ. જ્યારે મારે સંસારનો ત્યાગ જ કરવો છે, તો

પછી રાજ્યની કે પુત્રની ચિન્તામાં અટવાઈ જવું, એ વ્યાજબી નથી. તું ધીમતી છો. હું વ્રત ગ્રહણ કરૂં છું અને તું તારા પુત્રનું પાલન કર!"

ધારણીએ એકદમ પોતાના સ્વામિનો હાથ પકડી લીધો.

"સ્વામિન્! આપનાથી એમ એકલા નહિ જવાય. જ્યાં કાયા ત્યાં છાયા અને જ્યાં પતિ ત્યાં સતી. આપના વિના હું અહીં રહેવાને અસમર્થ છું અને આપના કલ્યાણમાર્ગમાં વિઘ્ન કરવું એ મારો ધર્મ નથી. સતી સ્ત્રીઓનો ધર્મ તો સુખદ કે દુઃખદ હરેક અવસ્થામાં પતિને અનુસરવાનો છે. આ બાલ પણ પુત્રને આપ આપના હાથે જ રાજગાદીએ બેસાડો અને મને આપની સાથે આવવાની આજ્ઞા ફરમાવો. વનમાં પણ આપની સેવા-શુશ્રૂષા કરતી હું મારા જીવનને ધન્ય બનાવીશ."

"પણ આ પ્રસન્નચન્દ્ર બાલને સંભાળશે કોણ?"

"દેવ! એ ચિન્તા નિરર્થક છે. અરણ્યમાં ઉત્પન્ન થયેલાં તરૂઓને કોણ ઉછેરે છે? એની સંભાળ રાખવા કોણ જાય છે?"

"કોઈ જ નહિ."

"તેવું અહીં પણ સમજી લો. પ્રસન્નચન્દ્ર બાલક છે, પણ તેનું ભાગ્ય તો તેની સાથે છે ને? પોતાનાં જ કર્મોથી તે મોટો થવાનો છે. આપણાં ઉછેર્યાં છોકરાં જ ઉછરે, નહિ તો ન ઉછરે, એ કલ્પના જ ખોટી છે. આપણે તો નિમિત્ત માત્ર છીએ. ભાગ્યની વાત મોટી છે. કોઈ મા-બાપ પોતાનું સન્તાન મરે એમ ઇચ્છતું નથી, છતાં કેઈ મા-બાપોનાં સન્તાનોને મરતાં આપણે જોઈએ છીએ. કેટલાંક સન્તાનોનાં મા-બાપ તેમની બાલ્યાવસ્થામાં જ મરણ પામે છે, છતાં તે સન્તાનો ઉછરે છે, એ પણ આપણાથી અજાણ્યું નથી. આથી કેવળ સન્તાનને ઉછેરવા માટે ધર્મને ચૂકવો એ યોગ્ય નથી જ. વળી પ્રસન્નચન્દ્રને ઉછેરનારાં આપણા વિના પણ ઘણાં છે. હું તો માનું છું કે-તે તેના ભાગ્યે જ રાજપુત્ર તરીકે જન્મ્યો છે અને તેના

ભાગ્યે જ તે મોટો થવાનો છે. એમાં મારૂં કે આપનું કાંઈ ચાલે તેમ નથી : માટે આપ એ વિચારને તજો અને આ આપની દાસીને સાથે આવવાની આજ્ઞા ફરમાવો.

"ભલે, તેમ હો !"

સોમચન્દ્રે તરત જ બાલવયસ્ક પ્રસન્નચન્દ્રના રાજ્યારોહણનું કાર્ય પતાવી લીધું : વૃદ્ધ અમાત્યોને અને બીજા રાજહિતૈષિઓને બાલ રાજાના ને પ્રજાના સંરક્ષણનો ભાર ભળાવ્યો : અને એક દાસી સાથે ધારિણીને લઈને વન પ્રતિ પ્રયાણ કર્યું.

'દિક્પ્રોષિત' તાપસ બનેલાં તેઓ વનમાં આવીને એક ચિરશૂન્ય આશ્રમમાં વસવા લાગ્યાં અને શુષ્ક પાંદડાં વિગેરે ખાઈને દુસ્તપ તપને તપવા લાગ્યાં. પછી તો તેઓએ પલાશપત્રોને એકઠાં કરીને એક આશ્રયસ્થાન બનાવ્યું, કે જ્યાં આવીને હરણીયાં અને વટેમાર્ગુઓ આરામ કરતાં.

સતી ધારિણી ત્યાં પણ પતિસેવામાં જ રત રહેતી. તે પોતાના સ્વામી સોમચન્દ્રને માટે કોમલ તૃણોની શય્યા કરતી, સોમચન્દ્ર જે ફલો લાવતા તે સુધારીને પ્રેમથી ખવડાવતી, તેવા પ્રકારનાં પાકાં ફલોને પીસવા દ્વારા તેનો રસ કાઢી તે રસથી રાત્રે દીપક પ્રગટાવતી અને શ્રમિત પતિના હાથ-પગ આદિ દબાવીને તેમના શ્રમને દૂર કરતી. પતિના સુખ માટે તેણીએ આશ્રમના આંગણાને લીંપ્યું હતું અને વારંવાર તેને સાફ કરતી હતી. ધારિણીના પ્રેમતન્તુથી બદ્ધ સોમચન્દ્ર પણ સ્વાદિષ્ટ પાણી અને સ્વાદિષ્ટ ફલો લાવવામાં પડતા ઘણા પણ પરિશ્રમને ગણતા નહિ. શેષ સમયમાં તે પતિ-પત્ની મૃગનાં બચ્ચાંઓનું લાલન-પાલન કરીને સુખે દિવસો વ્યતીત કરતાં હતાં.

ધારિણી પોતાના પતિની સાથે વનમાં આવી, ત્યારે તે સગર્ભા હતી. અહીં તેનો ગર્ભ ક્રમે ક્રમે વધવા લાગ્યો. ગર્ભની વૃદ્ધિ સ્ત્રીઓને કેટલીક વાર તો કારમી પણ વ્યથા પમાડે છે, પરન્તુ આ ગર્ભમાં

આવેલ જીવ પુણ્યાત્મા હતો, એટલે ધારિણીને પીડા પમાડ્યા વિના જ તે વૃદ્ધિને પામ્યો.

ઉચિત કાલે ધારિણીએ એક પુત્રને જન્મ આપ્યો. એ પુત્રમાં એક પણ લક્ષણની કમીના નહોતી અને એની કાન્તિ એવી હતી કે–તેલ પૂર્યા વિનાનો દીપક જ જોઈ લો.

આ હતો તો રાજપુત્ર, પણ અહીં વસ્ત્રો ક્યાંથી હોય ? સોમચન્દ્ર તેને ઓઢાડવાને માટે વલ્કલ–છાલ લઈ આવ્યા. પોતાનો પુત્ર વલ્કલથી વિંટાળાએલો હોઈને, સોમચન્દ્રે 'વલ્કલચીરી' એવું તેનું નામ કલ્પ્યું.

વલ્કલચીરીની ભવિતવ્યતા વિચિત્ર હતી. પ્રસૂતિ પછી, રાજ-સાહ્યબીમાં ઉછરેલી એક કોમળ સ્ત્રીને જે સગવડો અને જે સામગ્રી જોઈએ, તે ત્યાં ક્યાં હતી ? પરિણામે ધારિણી માંદી પડી અને મૃત્યુ પામી. સોમચન્દ્રે તે બાળકને સાથેની દાસીને–ધાવમાતાને સોંપ્યો : પણ થોડા જ કાલમાં તેય ધારિણીના પંથે રવાના થઈ.

વલ્કલચીરી આંખ ફેરવીને કોઈને જોઈ શકે, એ પહેલાં તો તે માતા અને ધાવમાતા બન્નેથી રહિત બની ગયો. હવે તેના ઉછેરનું કાર્ય સોમચન્દ્રને માથે આવી પડ્યું. સોમચન્દ્રે એ અરણ્યમાં ભમતી ભેંસોનું દુધ લાવીને પાવા માંડ્યું અને રાત–દિવસ પોતાના ખોળામાં જ રાખીને વલ્કલચીરીને ઉછેરવા માંડ્યો.

ક્રમે ક્રમે વધતો વલ્કલચીરી પગલીઓ ભરતાં શીખ્યો અને વનમૃગોનાં બચ્ચાંઓ સાથે ધૂળમાં ખેલતો તે સોમચન્દ્રને પ્રસન્ન કરવા લાગ્યો. સોમચન્દ્ર પણ લાકડાં તથા તૃણધાન્યો લાવીને રસોઈ બનાવી વલ્કલચીરીને ખવડાવતા. પછી તો વનફલો અને વનધાન્યો ખાઈને ઉછરેલો તે વલ્કલચીરી દુસ્તપ તપને તપવામાં સોમચન્દ્રના આત્મસખા રૂપ બની ગયો.

યૌવન તરફ ધસી રહેલો વલ્કલચીરી સર્વ કાર્યો કરવાને સમર્થ બન્યો અને પિતૃચર્યામાં પ્રવીણ બન્યો. હવે તો તે જાતે જ ફલાદિને

લેવા જતો અને સોમચન્દ્રના પગ દબાવવા આદિ દ્વારા પોતાના પિતાજીની અખંડ સેવા કરતો.

[૨]

આ તરફ પ્રસન્નચન્દ્ર પણ મોટો થયો હતો. યૌવનને પામેલા પ્રસન્નચન્દ્રે રાજશાસનની સઘળી જવાબદારી સ્વીકારી લીધી હતી તેમજ રાજકન્યા સાથે લગ્ન કરીને તે ભોગસુખોને ભોગવી રહ્યો હતો.

પ્રસન્નચન્દ્રે એક વાર સાંભળ્યું કે-પોતાનો સહોદર વનમાં પિતાજીની સાથે વસે છે. એ સમાચારે એનામાં ભાઈને જોવાની ઉત્સુકતા જન્માવી. "મારો તે ભાઈ કેવો હશે? અને મને તે મળે શી રીતિએ?"—એવા વિચારોથી તેમનું મગજ ઘેરાવા લાગ્યું. ભાઈને જોવાની અને ભાઈને મેળવવાની એ ઉત્સુકતા એટલી બધી વધી ગઈ કે—પ્રસન્નચન્દ્ર રાજકાર્ય અને ભોગસુખથી વિલક્ષ બની ગયા.

બહુ ચિન્તાને અન્તે પ્રસન્નચન્દ્રે વલ્કલચીરીનું ચિત્ર દોરાવી મંગાવવાનો નિર્ણય કર્યો. કુશલ ચિત્રકારોને બોલાવી તેમણે આજ્ઞા ફરમાવી કે-"તમે જ્યાં પૂજ્ય પિતાજી વસે છે, તે સ્થાને અરણ્યમાં જાવ અને પૂજ્ય પિતાજીની સેવામાં રહેલા મારા ભાઈના રૂપને આલેખી તરત જ પાછા ફરો."

ચિત્રકારો રાજા પ્રસન્નચન્દ્રની આજ્ઞા મુજબ વનમાં ગયા અને વલ્કલચીરીના યથાસ્થિત રૂપને આલેખી પાછા ફર્યા. ચિત્રકારો કુશલ હતા, રાજાની આજ્ઞા હતી અને રાજાના ભાઈનું જ ચિત્ર દોરવાનું હતું, એટલે એ ચિત્ર વલ્કલચીરીના આદર્શ પ્રતિબિમ્બ સમું બન્યું. એ ચિત્રમાં જો ચેતન પ્રગટાવી શકાતું હોય, તો એ અન્ય વલ્કલચીરી રૂપ જ બને, એવું તો એ આબેહુબ બન્યું હતું.

ચિત્રને જોઈ અતિ પ્રસન્ન બનેલા તે રાજા વિચારે છે કે—"મારો ભાઈ પણ રૂપમાં મારા પિતાના જેવો જ છે."

પછી તો પોતાનો ભાઈ જાતે જ મળ્યો હોય, તેમ એ ચિત્રને

પ્રસન્નચન્દ્ર રાજા ભેટયા, ચિત્રમાંના ભાઈના માથે સુંઘવા લાગ્યા અને સ્નેહમય ચુમ્બન કરતાં કરતાં કહેવા લાગ્યા કે–"ભાઈ! મહદ્ ભાગ્યે મને તારાં દર્શન થયાં છે."

આ ભાઈ નથી, ભાઈની આલેખાએલી આકૃતિ માત્ર જ છે, છતાં એનું આકર્ષણ કેટલું છે? કોઈ પણ આકૃતિમાં બંધબેસતા ભાવનું આરોપણ કરાય, તો તે તથાવિધ ભાવને વધાર્યા વિના રહે જ નહિ.

વલ્કલચીરીના એ ચિત્રને પોતાના ખોળામાં રાખીને વારંવાર જોવા છતાં પણ પ્રસન્નચન્દ્ર રાજા ધરાતા નથી. જેમ જેમ જૂએ છે, તેમ તેમ તેમનું ભાઈ પ્રતિનું આકર્ષણ વધતું જ જાય છે. પણ પોતાના ભાઈ વલ્કલચીરીને જ્યારે પ્રસન્નચન્દ્રે વલ્કલથી આચ્છાદિત બનેલો જોયો, ત્યારે તે આઘાત પામ્યા. તેમની આંખોમાંથી અશ્રુઓ ટપકવા માંડ્યાં.

"મારો ભાઈ અને વલ્કલથી ઢંકાએલો? હું અહીં રાજસુખ ભોગવું અને એ ત્યાં વનકષ્ટ ભોગવે? મારો ભાઈ જીવતો હોવા છતાં આ રાજ્ય મારા એકલાથી ભોગવાય જ કેમ? પિતાજી વૃદ્ધ છે એટલે એ વનવાસના કષ્ટને સહન કરે એ જૂદી વાત છે, પરન્તુ આ બાલ એવો મારો ભાઈ તો હજુ વનવાસને ય લાયક નથી."–આવા અનેકવિધ વિચારોને કરતા હવે પ્રસન્નચન્દ્ર રાજા ખૂબ જ દુ:ખનો અનુભવ કરવા લાગ્યા.

ધીરે ધીરે પ્રસન્નચન્દ્ર રાજા એવી દશાને પામ્યા કે–વલ્કલચીરી ન મળે તો શું થાય તે કહી શકાય નહિ. પ્રસન્નચન્દ્ર રાજા તો–"જંગલમાં જન્મેલા જીવોની જેમ મારા ભાઈને પણ શહેરમાં લાવવો એ મુશ્કેલ છે."–એમ વિચારતા રાત-દિવસ વલ્કલચીરીને શહેરમાં લાવવાનો માર્ગ જ શોધ્યા કરતા હતા.

આખર તેમને એક ઉપાય જડ્યો. પોતનપુરની ચતુર વેશ્યા-ઓને રાજાએ બોલાવી અને આજ્ઞા ફરમાવી કે–"તમે મુનિવેષને

ધારણ કરીને વનમાં જાવ, મારા ભાઈ વલ્કલચીરીને મળો, તેની સાથે મીઠી મીઠી વાતો કરો, વિવિધ મીઠાઈઓ સાથે લઈ જાવ તે મારા ભાઈને ખવડાવો અને તમારા અંગનો સ્પર્શ પણ કરાવો: કોઈ પણ રીતિએ મારા ભાઈને તમે આકર્ષો અને અહીં લઈ આવો."

પ્રસન્નચન્દ્ર રાજાની આજ્ઞા પામેલી એ વેશ્યાઓ પણ મુનિવેષને ધારણ કરીને સોમચન્દ્ર ઋષિના આશ્રમે પહોંચી.

મુનિવેષધારિણી તે વેશ્યાઓને જોતાં જ વલ્કલચીરીએ તેમને નમસ્કાર કર્યા અને પૂછ્યું કે-"હે મહર્ષિઓ! આપ કોણ છો અને આપનો આશ્રમ ક્યાં આવેલો છે?"

વલ્કલચીરીને મન આ વિશ્વમાં મનુષ્યો તરીકે ઋષિઓ જ વસે છે એમ હતું. સંસારમાં સ્ત્રીઓનું અસ્તિત્વ હોય છે-એય એ જાણતો નહિ હતો અને ગૃહસ્થો હોય છે-એય એ જાણતો નહિ હતો. આ સંસારમાં જે કોઈ મનુષ્યો છે, તે આશ્રમમાં જ વસે છે અને ઋષિજીવન જીવે છે, એવી જ વલ્કલચીરીની માન્યતા હતી. તેના જન્મ પછી તરતમાં જ માતા ધારિણી અને ધાવમાતા બન્નેયનું મૃત્યુ થયું હતું, એટલે આજ સુધીમાં વલ્કલચીરીએ ન કોઈ સ્ત્રીનું મુખ જોયું હતું કે ન સ્ત્રી જેવા કોઈ પ્રાણિનું અસ્તિત્વ જગતમાં હોય છે એ જાણ્યું હતું. આથી વલ્કલચીરી જ્યારે જે કોઈ મળતું, ત્યારે તેને ઋષિ ધારીને નમસ્કાર કરતો અને મહર્ષિ તરીકે સંબોધતો. એ જ કારણે, પોતનપુરથી આવેલી આ વેશ્યાઓને પણ વલ્કલચીરીએ મહર્ષિઓ રૂપ માની લીધી. વળી આ વેશ્યાઓએ તો મુનિવેષ પણ ધારણ કરેલો હતો, એટલે એમ માનવું તે સહજ હતું.

વલ્કલચીરીએ નમસ્કાર કરવા પૂર્વક પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં વેશ્યાઓએ પણ નમસ્કાર કરીને હસતાં હસતાં કહ્યું કે-"અમે પોતન નામના આશ્રમમાં વસનારા ઋષિઓ છીએ. આજે અમે તારા અતિથિ બનીને અહીં આવ્યા છીએ. અમારૂં તું શું આતિથ્ય કરીશ?"

વલ્કલચીરીએ કહ્યું કે-"મહર્ષિઓ! આપ વિરાજો અને વન-

માંથી હું આ જે બિલ્વાદિ મધુર, પાકાં અને તાજાં ફ્લોને લાવ્યો છું, તેનો આપ આહાર કરો!"

વેશ્યાઓએ વલ્કલચીરીના હાથમાંથી બિલ્વાદિ તે ફ્લોને ગ્રહણ કર્યાં, જોયાં અને મોઢું બગાડીને પાછાં આપતાં કહ્યું કે-"આવાં તદ્દન રસહીન ફ્લોને કોણ ખાય? આવાં સ્વાદ વગરનાં ફ્લોને તો અમારા આશ્રમમાં કોઈ જ ખાતું નથી."

વલ્કલચીરી આશ્ચર્યભર્યાં નયનોથી પોતે મહર્ષિઓ રૂપ માનેલી વેશ્યાઓને જોઈ રહ્યો. તે વિચારે છે કે-"આ મહર્ષિઓના આશ્રમમાં વળી કેવાંક રસવાળાં અને સ્વાદિષ્ટ ફ્લો પાકતાં હશે?"

મુનિવેષધારિણી વેશ્યાઓએ કહ્યું કે-"શો વિચાર કરે છે? અમારા આશ્રમનાં ફ્લોનો ને?"

"હા."

"અમારા આશ્રમનાં વૃક્ષો ઉપર પાકેલાં ફ્લો આ રહ્યાં."-એમ કહીને તે વેશ્યાઓએ પોતે સાથે આણેલી મીઠાઈ બતાવી.

"તમે તમારા આશ્રમનાં ફ્લોને અહીં લેતા આવ્યા છો?"

"હા, કારણ કે-અહીં અમને આવાં ફ્લો નહિ જ મળે એવી ખાત્રી હતી. તને પણ અમે અમારાં આ અત્યન્ત મીઠાં ફ્લો ખવડાવીશું. કેમ ખાવાં છે ને?"

"જેવી મહર્ષિઓની આજ્ઞા."

આટલી વાત કરીને તે વેશ્યાઓ એક વૃક્ષની નીચે બેસી ગઈ. વલ્કલચીરીને પણ તેમણે પોતાની અત્યન્ત નિકટમાં બેસાડચો અને મીઠાઈ ખવડાવવા માંડી. જીન્દગીમાં પહેલી જ વાર વલ્કલચીરીએ મીઠાઈ ખાધી. મીઠાઈ ખાવામાં તેને ખૂબ રસ પડચો. મીઠાઈનો સ્વાદ એની જીભે એવો વળગી ગયો કે-વનફ્લો પ્રતિ તેનામાં ભારે અરૂચિ પ્રગટી. એને એમ થઈ ગયું કે-"આ મહર્ષિઓની જેમ

મારે પણ પોતનાશ્રમમાં જ જો રહેવાનું હોય તો કેવું સરસ? રોજ ને રોજ આવાં ફલો ખાવાને મળે."

વલ્કલચીરી આ રીતિએ વિચાર કરતાં મીઠાઈ ખાઈ રહ્યો હતો, ત્યારે વેશ્યાઓ તેના હાથને પોતાનાં અંગોનો સ્પર્શ કરાવી રહી હતી. ધીરે ધીરે વેશ્યાઓ વલ્કલચીરીના હાથને પોતાની છાતી ઉપર લઈ ગઈ અને સ્તનો ઉપર ફેરવવા લાગી.

શરીરના એ ભાગના ઉંચાણને અને એ ઉંચા ભાગની મૃદુતાને જોઈ વલ્કલચીરીનું આશ્ચર્ય વધી ગયું. આશ્ચર્યથી તેણે કહ્યું કે–

"મહર્ષિઓ! આપનું અંગ આટલું બધું કોમળ કેમ છે? આપની છાતી ઉપર આ બે સ્થાને ઉંચાણ શાનું છે?"

"અમારા વનનાં ફલો ખાનારનું અંગ આવું માર્દવ બને છે. ઘણા રસથી ભરેલાં અમારા વનનાં ફલોનું જે કોઈ ખૂબ ભક્ષણ કરે છે, તેની છાતીમાં આવી રીતિએ બે સ્થાનોએ એ રસ ઉપજી આવે છે."

આમ કહીને તે વેશ્યાઓ પોતાના હાથે વલ્કલચીરીના હાથને વારંવાર પોતાની છાતી ઉપર ફેરવવા લાગી.

"આ તો ઘણું જ આશ્ચર્યકારક ગણાય. અહીં તો આવું કાંઈ જ નથી." વલ્કલચીરીએ કહ્યું ને વેશ્યાઓએ એ વાતને વધાવી લીધી.

"તો પછી તું પણ આ આશ્રમને અને આ અસાર ફલોને તજી દે ને? અમારા આશ્રમમાં આવીશ, તો તું પણ અમારા જેવો થઈશ."

મીઠાઇના સ્વાદમાં લુબ્ધ બનેલા વલ્કલચીરીએ હા પાડી, એટલે વેશ્યાઓએ કહ્યું કે–"જો, તારા પિતા આ વાત જાણશે તો તને આવવા નહિ દે, માટે અહીંથી અમે જઈએ છીએ અને અમૂક સ્થાને તારી રાહ જોતા થોભીએ છીએ. તૂં ત્યાં ત્વરાએ આવી પહોંચ."

"તમે જાવ. હું હમણાં જ આવું છું."

વેશ્યાઓએ અગાઉથી જ એક સ્થાન નક્કી કરી રાખ્યું હતું.

એ સ્થાનની આજુબાજુનાં વૃક્ષો ઉપર ચરપુરૂષોને ગોઠવી રાખ્યા હતા. વેશ્યાઓ તે સ્થાને આવીને વલ્કલચીરીની રાહ જોવા લાગી.

થોડી જ વારમાં વલ્કલચીરીને ત્યાં આવતો વેશ્યાઓએ જોયો, પણ દૈવવશાત્ તે જ સમયે તે જ સ્થાન તરફ સોમચન્દ્રને આવતા ચરપુરૂષોએ જોયા. ચરપુરૂષોએ તરત જ વેશ્યાઓને જણાવ્યું કે–“સોમચન્દ્ર ઋષિ આવે છે.”

વેશ્યાઓ ગમે તેટલી ચતુર હતી, પણ સ્ત્રીઓ તો હતી જ અને સ્ત્રીઓમાં કાયરતા હોવી એ સ્વાભાવિક છે. તેઓને એવી શંકા ગઈ કે–‘સોમચન્દ્ર ઋષિ અમારા આગમનને તેમજ વલ્કલચીરી સાથે કરેલા અમારા સંકેતને જાણીને જ આ તરફ આવી રહ્યા છે.’ અને એથી તેમને બીક લાગી કે–‘સોમચન્દ્ર ઋષિ જરૂર શ્રાપ દેશે.’ એ બીકની મારી તે વેશ્યાઓ, શિકારીને જોઈને મૃગલીઓ ભાગે તેમ, એક–બીજાથી વિખૂટી પડીને ભાગી ગઈ.

આ રીતિએ ધારેલું અને રાજાએ સોંપેલું કાર્ય પાર પાડવામાં નિષ્ફલ નિવડેલી વેશ્યાઓ પોતનપુરે આવી પહોંચી, પણ પ્રસન્નચન્દ્ર રાજાની પાસે જતાં કંપવા લાગી. કંપતી અને રૂદન કરતી તે વેશ્યાઓએ રાજા પાસે જઈને સઘળી જ હકીકત કહી સંભળાવી. “સર્વ પ્રકારોએ વનેચર એવા તે કુમારને અમે લોભાવ્યો, અહીં લાવવા માટે તેની સાથે સંકેત પણ કર્યો અને તેય આવવાને તૈયાર થયો, પરન્તુ દૂરથી અમે પિતાજીને આવતા જોયા અને સ્વભાવે કાયર એવી અમે તેમના શ્રાપના ભયથી ભાગી. નાથ! અમારા એ અપરાધને ક્ષમા કરો. વલ્કલચીરીને અમે એવો લોભાવ્યો છે કે–હવે તે અમારી શોધમાં જ એક વનમાંથી બીજા વનમાં ભટકશે, પણ પિતાજીના આશ્રમે પાછો જશે નહિ.”

પ્રસન્નચન્દ્ર રાજાએ વેશ્યાઓનો અપરાધ નહિ જોતાં, પોતાનો જ અપરાધ જોયો. પોતાની જ જાતને એ ધિક્કારવા લાગ્યા.

“જડ બુદ્ધિવાળા મેં આ શું કર્યું? પિતા–પુત્રનો મેં વિયોગ

કરાવ્યો અને મારો નાનો ભાઈ તો મને મળ્યો નહિ ! પિતાજીથી વિખૂટો પડેલો તે હવે શી રીતિએ જીવશે ?"

આવી જાતિના વિચારોમાં ગરકાવ બનીને રાજા પ્રસન્નચન્દ્ર દુઃખે કરીને સમય પસાર કરવા લાગ્યા. થોડા જલમાં રહેલું માંછલું જેમ તરફડે, તેમ રાજા પ્રસન્નચન્દ્ર પણ રાત્રિના પથારીમાં પડ્યા પડ્યા એ ચિન્તાના માર્યા તરફડતા હતા.

[૩]

વલ્કલચીરી પોતે માનેલા મહર્ષિઓને એકાએક ભાગી જતા જોઈને વિચારમૂઢ બની ગયો, પણ તેણે થોડી જ ક્ષણોમાં પોતાના પિતાને એ તરફ આવતા જોયા, એટલે તે એક વૃક્ષના ઓથે લપાઈ ગયો. સોમચન્દ્ર ઋષિ તો સ્વાભાવિક રીતિએ જ એ માર્ગે આવી રહ્યા હતા. એમને વેશ્યાઓના આગમનની કે રસલોલુપ બનેલા પોતાના પુત્રની ખબર નહિ હતી, પણ પાપિઓ હંમેશાં શંકિત જ હોય છે.

સોમચન્દ્ર ઋષિના ચાલ્યા ગયા બાદ, વલ્કલચીરી તે વેશ્યાઓને શોધતો સારાય વનમાં ભટકયો. રસલોલુપતાએ એને કારમી ઘેલછાનો ભોગ બનાવી દીધો હતો. વન આખામાં રખડવા છતાં તેને શ્રમ પણ જણાયો નહિ કે મારા પરમ ઉપકારી પિતાજીનું શું થશે ?–એવો વિચાર સરખો પણ આવ્યો નહિ. એને તો પોતનાશ્રમની લત લાગી હતી, એટલે ગમે તે ઉપાયે તે વેશ્યાઓએ કહેલા પોતનાશ્રમમાં પહોંચવા ઇચ્છતો હતો.

પોતનાશ્રમના માનેલા મહર્ષિઓ રૂપ વેશ્યાઓની શોધમાં તે આખાય વનમાં ભટકી વળ્યો, પણ જ્યારે કશો પત્તો લાગ્યો નહિ, ત્યારે ચિન્તાતુર બનીને–' એ મહર્ષિઓ ક્યાં ગયા હશે ? એમનો પોતનાશ્રમ ક્યાં હશે ?'–આવા વિચારોને કરતો તે એક સ્થાને બેઠો.

એટલામાં એણે દૂર દૂરથી આવતો પૈડાંનો અવાજ સાંભળ્યો. તરત જ તેણે વૃક્ષ ઉપર ચઢીને જોયું, તો એક રથ જતો દેખાયો.

રથને જોતાંની સાથે જ તે નીચે ઉતર્યો અને દોડાય તેટલા વેગથી રથની દિશાએ દોડ્યો. દોડતો દોડતો તે રથની પાસે પહોંચી ગયો અને રથ હાંકનારને પણ ઋષિ માનીને તેણે કહ્યું કે–" હે તાત ! હું આપને નમસ્કાર કરૂં છું."

" ઋષિકુમાર! ક્યાં જવું છે ?" રથિકે પૂછ્યું.

" પોતન નામના આશ્રમે જવાની મારી ઇચ્છા છે. મહર્ષિ ! આપ ક્યાં પધારો છો ?"

રથિકે પણ મજાકમાં કહ્યું કે–" હું પણ પોતનાશ્રમે જ જાઉં છું."

વલ્કલચીરી નિશ્ચિન્ત થયો અને તેણે તે રથની સાથે ચાલવા માંડ્યું.

રથમાં તે રથિકની પ્રિયા બેઠી હતી. તેને પણ વલ્કલચીરી વારંવાર 'તાત' કહીને જ બોલાવવા લાગ્યો : આથી રથિકપત્નીએ પોતાના સ્વામિને પૂછ્યું કે–" આ કયા પ્રકારની વાણી છે, કે જેથી આ તાપસકુમાર મને 'તાત' 'તાત' કહ્યા કરે છે ?"

રથિકે કહ્યું : " આ બીચારો મુગ્ધ છે. સ્ત્રી વિનાના વનમાં જ વસેલા આ તાપસકુમારને સ્ત્રી–પુરૂષના ભેદનું જ્ઞાન નથી. એ તને પણ પુરૂષ જ ધારે છે."

આ રીતિએ ચાલતાં ચાલતાં રથને જોડેલા અશ્વોને જોઇને વલ્કલચીરીને વિચાર આવ્યો કે–' આ શું કહેવાય ? મુનિને આમ કરવું તે શોભે ?' આથી તેણે રથિકને પૂછ્યું કે–

" હે મહર્ષિ ! આપે કેમ આ મૃગોને જોડ્યા છે ? મૃગોને આવી રીતિએ વાહનમાં જોડવા, એ મુનિને માટે યોગ્ય ગણાય નહિ."

વલ્કલચીરીનો આવો પ્રશ્ન સાંભળીને, તેની મુગ્ધતા ઉપર હસતાં હસતાં રથિકે કહ્યું કે–" આ મૃગોનું આ જ કર્મ છે, એટલે આમાં કોઇ દોષ નથી."

આવી વાતો કરતાં કેટલોક પંથ કાપ્યા બાદ, રથિકે એક સ્થલે રથને થોભાવ્યો અને ખાનપાનની તૈયારી કરી.

રથિકની પાસે લાડવા હતા. તેમાંથી તેણે વલ્કલચીરીને પણ આપ્યા. રથિકે આપેલા લાડવા ખાધા પછી, તેના આસ્વાદના સુખમાં મગ્ન બનેલા વલ્કલચીરીએ કહ્યું કે-" અમારા આશ્રમે આવેલા પોતનાશ્રમના મહર્ષિઓ આવાં જ સ્વાદિષ્ટ વનફલોને લાવ્યા હતા. તે મહર્ષિઓએ આપેલાં આવાં વનફલોને મેં જ્યારે ખાધાં, ત્યારે હું તો અમારા આશ્રમનાં બિલુ અને આમલક આદિ ફલોથી એકદમ ઉદ્વિગ્ન બની ગયો. મને એવી ખાત્રી થઈ ગઈ કે-ખરો સ્વાદ તો પોતનાશ્રમનાં જ ફલોમાં છે અને એ જ એક કારણ છે કે-હું પોતનાશ્રમે જવા માટે ઉત્સુક બન્યો છું."

રથિક અને વલ્કલચીરી જ્યારે આ પ્રકારે વાતચીત કરી રહ્યા હતા, ત્યારે એક ચોર રથમાંથી ચોરી કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. રથિકની નજર અચાનક તેના ઉપર પડી, તે દોડ્યો અને રથિક તથા તે ચોર વચ્ચે ભારે યુદ્ધ જામ્યું.

વલ્કલચીરીએ જીન્દગીમાં પહેલી જ વાર આ રીતિએ લડતા માણસોને જોયા અને એથી એ બૂમો પાડવા લાગ્યો કે-

" હે મહર્ષિઓ! આપને આમ યુદ્ધ કરવું એ ઉચિત નથી."

વલ્કલચીરી બૂમો પાડતો રહ્યો અને યુદ્ધ ચાલતું રહ્યું. ચોર બલવાન હતો, પણ રથિક કલાવાન હતો. લાગ જોઈને તેણે એવો તો પ્રહાર કર્યો કે-ચોર તમ્મર ખાઈને જમીન ઉપર પટકાયો.

રથિકનો એ પ્રહાર ચોરને માટે મૃત્યુદંડ સમો હતો, પણ પોતાને પરાક્રમી માનતો તે એવી માન્યતા ધરાવતો હતો કે-' પરાક્રમી માણસો વૈરિનાય પરાક્રમની પ્રશંસા કરનારા હોય છે.' બલવાન ચોર રથિકની પ્રહારકલાથી મુગ્ધ બન્યો હતો, એટલે તેણે કહ્યું કે-

" તેં મને તારા પ્રહારથી જીત્યો, એથી હું તારા ઉપર પ્રસન્ન થયો છું. મારૂં અહીં વિપુલ ધન પડેલું છે, તેને તું ગ્રહણ કર: કારણ કે-હવે હું જીવવાનો નથી."

ચોરના કહેવાથી રથિકે એ ધનને ગ્રહણ કર્યું અને રથમાં ભર્યું. .થિક જાણતો હતો કે–' આ ચોરીનું ધન છે અને ચોરીનું ધન ગ્રહણ :રનારો અન્તે દુઃખી થયા વિના રહેતો નથી.' પરન્તુ આંખ સામે વેપુલ ધનનો ઢગલો જોઈ ને ન લલચાવું, એ વિરલ આત્માઓને ાાટે જ શકય છે.

જાણવું એ એક વાત છે અને જાણેલાનો અમલ કરવો એ ીજી વાત છે. દુરાચારને ભૂંડા તરીકે જાણનારાઓ પણ દુરાચારની ાક સાંપડયે દુરાચારમાં પ્રવર્તવા તત્પર બને છે. દુરાચારની તક સાંપ-.વા છતાં પણ દુરાચારથી અળગા રહેનારા આત્માઓનું અસ્તિત્વ મા જગતમાં સદા કાલને માટે અલ્પ જ હોય છે. સારૂં જાણ્યાની ાાચી સિદ્ધિ જાણેલાના અમલમાં જ સમાએલી છે. ક્રોધ કરવો એ ખરાબ, માન રાખવું એ ખરાબ, માયા સેવવી એ ખરાબ અને લોભને ાશ બનવું એ ખરાબ તેમજ વિષયાસક્ત બનવું એય ખરાબ,–આવું જાણનારા અને બોલનારા આત્માઓની આ વિશ્વમાં ખોટ નથી. મોટ તો ખરાબને ખરાબ જાણી ખરાબના ત્યાગમાં તત્પર બન-ાારાની અને ખરાબના ત્યાગમાંથી લેશ પણ ભ્રષ્ટ ન થવાય એની ાાળજી રાખનારા આત્માઓની છે.

ચોરે એકત્રિત કરેલા તે ધનને લઈને રથિકે રથને હાંકવા માંડ્યો. બણધારી ધનપ્રાપ્તિથી તેનામાં કોઈ નવું જ જોમ પ્રગટયું હતું. એ જોમની પહેલી અજમાયશ રથના અશ્વો ઉપર થઈ.

ધનની ગરમી વિવેકહીનોને માણસ મીટાવી હેવાન બનાવી દે છે. એનું મન દુર્વિચારોનું ધામ બની જાય છે, એની વાણીની મૃદુતા નષ્ટ થઈ જાય છે અને એની કાયા પાપ-પ્રવૃત્તિઓમાં જ પ્રવર્તમાન બને છે. ધનનો સદુપયોગ સંભવે છે, ધન દ્વારા સત્પ્રવૃત્તિઓ સંભવે છે, ધનના સદ્-વ્યયથી પણ સ્વોપકારગર્ભિત પરોપકાર સંભવે છે, પણ તે તેવા જ ધનિકોને માટે, કે જે ધનિકો વિવેકી હોઈ ધનલોલુપ નથી. અવિવેકિને મળેલું ધન તો એની જાત માટે તેમજ બીજા અનેકોને માટે શ્રાપભૂત

બને છે. એવા ધનિકોનાં આશ્રિત પશુઓને પણ પ્રસંગે કારમી ક્રૂરતાનો અનુભવ થાય છે.

"તાપસકુમાર! તું જે પોતનાશ્રમમાં જવાને ઈચ્છે છે, તે આ રહ્યું." પોતનપુરની નજદિકમાં આવી પહોંચતાં, પોતાના રથને થોભાવીને રથિકે વલ્કલચીરીને કહ્યું.

"હું જાઉં છું ત્યારે!"

"ક્યાં જઈશ?"

"આશ્રમમાં મહર્ષિઓની પાસે."

રથિકે કહ્યું: "જરા થોભ. આ લેતો જા."

રથિકે વલ્કલચીરીને થોડુંક ધન આપવા માંડ્યું. આવા મુગ્ધો પ્રત્યે આટલી સહાનુભૂતિ અને તે પણ અણધારી પ્રાપ્ત થએલી સંપત્તિ વખતે પ્રગટવી એ સહજ છે.

વલ્કલચીરીએ કહ્યું: "મારે નહિ જોઈએ."

"પણ આ પોતનાશ્રમના મહર્ષિઓ કોઈને ય દ્રવ્ય વિના આશ્રય આપતા નથી. આ દ્રવ્ય આપીને ક્યાંક આશ્રય મેળવજે." રથિકે હસતાં હસતાં કહ્યું. વલ્કલચીરીએ પણ તે સ્વીકારી લીધું.

[૪]

વલ્કલચીરીએ પોતનપુરમાં પ્રવેશ કર્યો. ઉચાં ને વિશાલ મકાનો જોઈને તે દિગ્મૂઢ બની ગયો. 'આવા મોટા આશ્રમો અને આટલા બધા મહર્ષિઓ!' રાજમાર્ગ ઉપરનાં મકાનોને જોતો અને રસ્તે મળતા માણસોને–'મહર્ષિ! નમસ્કાર કરું છું.'–કહી હાથ જોડતો તે ચાલતો જ રહ્યો. ધીરે ધીરે તેની પાછળ એક ટોળું ભેગું થઈ ગયું અને તેનો ઉપહાસ કરવા લાગ્યું. વલ્કલચીરીને તો એ ઉપહાસની પણ ગમ નહોતી, એટલે તેની ઘણી મશ્કરી થવા છતાં તેને ક્રોધ આવ્યો નહિ. પછી તો એને પાગલ ધારીને સૌ સૌના માર્ગે રવાના થઈ ગયા.

'આ આશ્રમમાં જાઉં કે પેલા આશ્રમમાં પેસું'–એમ વિચાર કરતો વલ્કલચીરી પોતનપુરમાં ખૂબ ભમ્યો. કોઈએ તેને બોલાવ્યો નહિ કે ક્યાં જવું છે એમ પૂછ્યું નહિ. ભમતો ભમતો તે વેશ્યાઓના લત્તામાં આવી પહોંચ્યો. ગૃહસ્થોનાં ઘરોનાં બારણાં કરતાં વેશ્યાઓનાં ઘરોનાં બારણાં વધારે ખૂલ્લાં હોય છે.

વલ્કલચીરીને લાગ્યું કે–'અહીંના મહર્ષિઓ આશ્રય આપે એવા જણાય છે.' આથી ખૂબ થાકેલો તે ધનુષ્યમાંથી છૂટેલા બાણના વેગથી એક વેશ્યાના ઘરમાં પેઠો. તેને કોઈએ ન રોક્યો કે ન ટોક્યો.

વેશ્યાઓને ઘેર પહેલી તકે રોકટોક હોતી જ નથી. પહેલી તકે તો ત્યાં સ્વાગત હોય છે. વેશ્યાઓને ઘેર ભટકનારાઓને રોકટોકનો અનુભવ તો ખીસ્સાં ખાલી થયા પછી જ થાય છે.

જુવાન તાપસને પોતાના ઘરમાં પેઠેલો જોઈને અતિ હર્ષ પામેલી વેશ્યા સામે આવી. વેશ્યાને જોઈને તેને પણ મહર્ષિ માનતા વલ્કલચીરીએ કહ્યું : "તાત! આપને નમસ્કાર કરું છું."

વેશ્યાથી હસ્યા વિના રહી શકાયું નહિ.

"મને એક ઝુંપડી આપો. ભાડા માટેનું આ દ્રવ્ય લો!" એમ કહી વલ્કલચીરીએ રથિકે આપેલું સઘળું જ દ્રવ્ય વેશ્યાની સામે ધર્યું.

"આ આપની જ ઝુંપડી છે."–એમ કહીને વેશ્યાએ વલ્કલચીરીને એક મુલાયમ સોફા ઉપર પરાણે બેસાડ્યો અને દાસીને આજ્ઞા કરી કે–"હમણાં જ હજામને બોલાવી લાવ."

હજામત કરાવવાની વલ્કલચીરીએ ખૂબ જ આનાકાની કરી, પણ વેશ્યાએ સમજાવટ અને ધમકીથી કામ લેવા માંડ્યું. જેમ–તેમ હજામતનું કાર્ય તો પત્યું, પણ જ્યાં સ્નાન માટે વલ્કલો કાઢીને વસ્ત્ર પહેરાવવા માંડ્યું, એટલે વલ્કલચીરીથી એ ખમાયું નહિ. તે એક બાલકની જેમ રડી પડ્યો. વેશ્યાના બલાત્કાર સામે તે ક્રોધ કરી શકે અગર સામનો કરી શકે એમ હતું નહિ, આથી રડતાં રડતાં

તેણે કહ્યું કે–" હે મહામુનિ! હું જન્મ્યો ત્યારથી આ મુનિવેષ મેં ધારણ કરેલો છે, તો કૃપા કરીને એને ન ઝુંટવો!"

" અરે, ભલા મુનિપુત્ર! આ આશ્રમમાં અતિથિ તરીકે પધારતા મહર્ષિઓનો સત્કાર કરવાની અમારી આ જ રીતિ છે, છતાં તું તેની અવગણના કેમ કરે છે? અમારા કહ્યા મુજબ નહિ કરે, તો તને અહીં ઝુંપડી પણ નહિ મળે અને તારૂં આપેલું દ્રવ્ય પણ પાછું નહિ મળે."

વેશ્યાની આ ધમકીએ કમાલ કરી. આશ્રયના લોભથી વલ્કલચીરી ચૂપ થઈ ગયો. મંત્રથી વશીભૂત બનેલ સર્પની જેમ તેણે સ્થિર બની મૌન ધારણ કર્યું.

વેશ્યાએ જાતે જ વલ્કલચીરીના જટિલ કેશપાશને તેલથી ચોળ્યો. તેના સારાય શરીરે તેલનું મર્દન કર્યું. પછી ખૂબ ખૂબ ચોળીને તેને નવડાવ્યો. ગરમ અને સુગન્ધમય જલથી નવડાવીને જ્યારે વેશ્યાએ વલ્કલચીરીને વસ્ત્રાલંકારથી સુસજ્જ બનાવ્યો, ત્યારે એ રાજપુત્રની મુખકાન્તિ મનોમુગ્ધકર બની ગઇ. હેરત પમાડે એવા એ ગુલાબી સૌન્દર્યને વેશ્યા નિરખી રહી.

આ રીતિએ વલ્કલચીરીને તૈયાર કરીને વેશ્યા ઉમંગભેર લગ્નની તૈયારી કરવા લાગી. રાત્રિ થતાં થતાંમાં તો સઘળીય તૈયારીઓ થઈ ગઈ. આજુબાજુની વેશ્યાઓને, ગોરને અને વાજીંત્રો વગાડનારાઓને બોલાવી વેશ્યાએ તરત જ લગ્નની ક્રિયા શરૂ કરાવી. પોતાની એકની એક દીકરીને તેણે વલ્કલચીરીની સાથે પરણાવી દીધી. ગોરે મંત્રો ઉચ્ચારવા માંડયા, વેશ્યાઓએ લગ્નગીતો ગાવા માંડ્યાં અને વાજીંત્રોના નાદથી એ મહોલ્લો ગાજી રહ્યો.

રાત્રિના પ્રશાન્ત વાતાવરણમાં એ અવાજ રાજમહાલય સુધી પહોંચ્યો. શય્યામાં પડયા પડયા પિતાજીની અને ભાઈની ચિન્તાથી તરફડી રહેલા પ્રસન્નચન્દ્ર રાજાએ એ વાજીંત્રોના નાદને સાંભળ્યો. રાજા પ્રસન્નચન્દ્ર ચકિત થયા ને બોલ્યા :

"મારા દુઃખે જ્યારે આખુંય નગર દુઃખિત થઈ રહ્યું છે, ત્યારે આ વળી કોણ લોકોત્તર સુખી છે, કે જેને ત્યાં અત્યારે વાજીંત્રો વાગી રહ્યાં છે? અથવા તો આ કેવો સ્વાર્થનિષ્ઠ માણસ છે? મૃદંગનો આ ધ્વનિ તેને ભલે આનંદ દેતો હોય, પણ મને તો એ મુદ્દગરના મારથી પણ વધારે અપ્રિય લાગે છે."

એ કાલે રાજા–પ્રજાનો સંબંધ જૂદો જ હતો. રાજા પ્રજા પ્રત્યે વત્સલ હતો અને પ્રજા રાજાની ભક્ત હતી. પ્રજાને સુખી રાખવા રાજા મથતો અને રાજાના દુઃખને પ્રજા પોતાનું જ દુઃખ માનતી.

ફરજીયાત શોક પાળવાનાં રાજકીય ફરમાનો પણ એ કાળે બહાર પડતાં નહિ. રાજા પ્રસન્નચન્દ્રને ન ગમ્યું એટલે એ બોલ્યા ખરા, પણ વાજાં વગડાવનારને પકડી લાવવાની આજ્ઞા ફરમાવી નહિ. વિના આજ્ઞા ફરમાવ્યે પણ રાજા એટલું બોલ્યા એ બસ હતું.

જોતજોતાંમાં રાજાના દુઃખની અને અણગમાની વાત પેલી વેશ્યાના કાને પહોંચી ગઈ. વેશ્યા આનંદના અતિરેકમાં ભાનભૂલી બની હતી, તે જાગૃત બની. તે ને તે સમયે જ તેણે ગાનતાન બંધ કરાવ્યું અને વિના વિલંબે તે રાજાની પાસે પહોંચી ગઈ.

"નાથ! મારા ભયંકર અપરાધની ક્ષમા બક્ષો!" બે હાથ જોડીને વેશ્યાએ ખૂબ નમ્રતાથી કહ્યું: "વાત એમ છે કે–કેટલાક વખત અગાઉ મારે ત્યાં એક દૈવજ્ઞ આવ્યો હતો. તે દૈવજ્ઞે મને કહ્યું હતું કે–'તારે ઘેર એક ઋષિવેષને ધરનારો યુવાન આવશે. એ યુવાન ભવિષ્યમાં રાજા થશે, માટે તારી દીકરી તું તેને પરણાવજે.' આજે મારા સુભાગ્યે ઋષિવેષધારી એક યુવાન મારા ઘરમાં આવ્યો."

પ્રસન્નચન્દ્ર રાજા એકદમ ઉભા થઈ ગયા. ખૂબ જ ઉત્સુકતાથી તેમણે પૂછ્યું: "એ ક્યાં છે?"

"મારે ઘેર જ છે, દેવ! સંસારવ્યવહારથી સર્વથા અજાણ એવા એ ઋષિકુમારની સાથે મેં મારી પુત્રીનું લગ્ન કર્યું. એ વિવાહ-

મહોત્સવ નિમિત્તે જ મારે ત્યાં ગીતો ગવાતાં હતાં અને વાજીંત્રો વાગતાં હતાં. આપના દુઃખની મને માહિતી નહોતી, એટલે જ મારી આ ભૂલ થઈ છે. મારી ધૃષ્ટતા માફ કરો, કૃપાનાથ!"

વેશ્યા જ્યારે આ વાત કરી રહી હતી, ત્યારે રાજા જૂદા જ વિચારો કરી રહ્યા હતા: 'એ મારો ભાઈ તો નહિ હોય?'–'કદાચ એ જ હોય.'–'ના, ના, એ ક્યાંથી હોય?'–'તપાસ તો કરાવું.'

તરત જ રાજા પ્રસન્નચન્દ્રે તે વેશ્યાને ઘેર તે માણસોને જોવા મોકલ્યા, કે જે માણસોએ વલ્કલચીરીને પૂર્વે જોયો હતો. ઉત્સુકતાથી રાહ જોતા રાજાને તે માણસોએ આવી ખબર આપ્યા કે–'તે જ છે.'

રાજાના આનન્દનો પાર રહ્યો નહિ. પ્રસન્નચન્દ્ર સઘળાંય દુઃખોને ભૂલી હર્ષઘેલા બની ગયા. વાયુવેગે એ વાત નગરીમાં પ્રસરી ગઈ અને નગરજનો પણ હર્ષથી નાચી ઉઠ્યા. મહોત્સવમય બનેલા નગરમાં, પત્ની બનેલી વેશ્યાપુત્રી સાથે હાથી ઉપર બેઠેલા વલ્કલચીરીને ફેરવીને, રાજા પોતાના મહાલયમાં લઈ આવ્યા.

વલ્કલચીરીનો પત્તો લાગવાથી આનન્દ અને ઉત્સાહમાં રહેતા રાજા પ્રસન્નચન્દ્રે વલ્કલચીરીને સંસારવ્યવહારથી સુજ્ઞાત બનાવી દીધો. જંગલી પશુઓને પણ શિક્ષણથી સંસ્કારી બનાવી શકાય છે, જ્યારે આ વલ્કલચીરી તો ગમે તેવો મુગ્ધ છતાં માણસ હતો.

વ્યવહારકુશલ બનેલા વલ્કલચીરીને રાજા પ્રસન્નચન્દ્રે રાજ્ય-વિભાગ સુપ્રત કરી સંખ્યાબંધ રાજકુમારિકાઓ સાથે પરણાવ્યો. વલ્કલચીરી પણ હવે તો ભોગમય જીવન પસાર કરવા લાગ્યો.

એક વાર રાજદ્વારે કોટવાલો એક માણસને ચોરીના આરોપ-સર પકડી લાવ્યા. વલ્કલચીરીએ એને જોયો અને તરત જ ઓળખી કાઢ્યો. માર્ગે જે રથિક મળેલો તે જ એ હતો. ચોરે આપેલું જે દ્રવ્ય તેણે ગ્રહણ કરેલું, તેને બજારમાં વેચવા નીકળતાં તે પકડાએલો.

વલ્કલચીરીને યાદ આવ્યું: "આણે જ મને પોતનપુરનો માર્ગ

દર્શાવ્યો હતો: આણે જ મને રસ્તામાં લાડુ ખાવાને આપ્યા હતા: અને આણે જ મને કેટલુંક દ્રવ્ય આપ્યું હતું."

વલ્કલચીરીને થયું કે–'આ તો મારો ખાસ ઉપકારી છે.' તરત જ તેમણે કોટવાલોને હુકમ ફરમાવ્યો કે–"આને છોડી મૂકો!"

પછી તેને પોતાની પાસે બોલાવી, ચોર પાસેથી આવેલું ધન જેનું જેનું હોય, તેને તેને પાછું આપી દેવાનું કહ્યું: કોઈએ પણ ચોરેલું ધન કદી લેવું નહિ–એવી હિતશિક્ષા દીધી: અને તેના નિર્વાહ માટે જરૂરી કરતાં પણ વિશેષ સામગ્રી તેને વલ્કલચીરીએ ભેટ કરી.

ઉત્તમ આત્માઓ કોઈના અલ્પ પણ ઉપકારને ભૂલતા નથી. અવસરે થોડા ઉપકારના બદલામાં મોટો ઉપકાર કરવાનેય ચૂકતા નથી.

[૫]

વલ્કલચીરી ભોગસુખમાં એવા તો લીન બની ગયા કે-બાર વર્ષ ક્યાં અને કેમ વહી ગયાં, એની તો એમને ખબર પણ પડી નહિ. એક વાર મધ્યરાત્રિના સમયે એમની ઉંઘ ઉડી ગઈ. ઉંઘ ઉડી જવાથી એકાન્તમાં વિચાર કરતા તેમના અન્તરમાં જબ્બર ખળભળાટ જાગ્યો. "કમનશિબ એવો હું જન્મ્યો કે તરત જ મારી માતા મરણ પામી. વનમાં વસવા છતાં પણ પિતાજીએ મને ઉછેર્યો. મારૂં તેમણે શું શું નહિ કર્યું હોય? મારૂં શૌચકર્મ તેમણે કેવી રીતિએ કર્યું હશે? પોતાની કેડે બેસાડીને મને કેટલો ફેરવ્યો હશે? મને જીવાડવા, મને આનન્દમાં રાખવા, તેમણે કયું કષ્ટ નહિ સહ્યું હોય? અને એ બધાના બદલામાં મેં પાપીએ શું કર્યું? એ ઉપકારનો બદલો વાળવા જેવો હું જ્યારે સમર્થ બન્યો, ત્યારે દુર્ભાગ્યે હું અહીં આવ્યો અને અહીં આવીને પણ પાપી એવો હું અજિતેન્દ્રિય બની ભોગમાં લીન બન્યો. ઈન્દ્રિયોની પરવશતાએ જ મને ફસાવ્યો. રસલોલુપ બનીને મેં પિતાજીને તજ્યા અને વિષયસુખોના કીડા બનીને મેં એ ઉપકારિને સંભાર્યા પણ નહિ! શું હું માતા-પિતાને કેવળ કષ્ટ દેવાને

જ જન્મ્યો હોઈશ ? આ જન્મમાં હવે હું પિતાજીની ગમે તેટલી સેવા કરું, છતાં એમના ઋણને કેમ ફેડી શકીશ ? મારા પાપે તો એ ઋણ કીડીમાંથી કુંજર જેવું બની ગયું છે. ”—આવા વિચારોએ વલ્કલચીરીના હૈયાને વલોવી નાખ્યું.

વલ્કલચીરીએ દુઃખિત હૃદયે રાત્રિ પસાર કરી. પ્રભાત થતાંની સાથે જ તે પ્રસન્નચન્દ્રની પાસે આવ્યો.

“ મને આજ્ઞા આપો. પૂજ્ય પિતાજીનું દર્શન કરવાની મારી ઉત્સુકતા વધી ગઈ છે. હું હમણાં જ ત્યાં જવાને ઇચ્છું છું. ”

“ ભાઈ ! એ જેમ તારા પિતા છે તેમ મારા પણ પિતા છે. હું પણ તેમનાં દર્શન કરવાને ઉત્સુક બન્યો છું. આપણે સાથે જ જઈએ. ”

બેય ભાઈ સુભટો આદિની સાથે તે વનમાં અને તે આશ્રમમાં આવી પહોંચ્યા, કે જ્યાં સોમચન્દ્ર ઋષિ વસતા હતા.

રથમાંથી ઉતરતાંની સાથે જ વલ્કલચીરીને કોઈ ખોવાએલો ખજાનો પાછો મળ્યો હોય એમ લાગ્યું તેમણે પ્રસન્નચન્દ્રને કહ્યું :

“ ખરેખર, આ તપોવનને જોતાં મને તો રાજ્યલક્ષ્મી તૃણ સમી ભાસે છે. જૂઓ પેલાં સરોવરો, કે જ્યાં હું હંસની જેમ ખેલતો : જૂઓ પેલાં વૃક્ષો, કે જેની ઉપર ચઢીને હું વાંદરાની જેમ ફ્લોને ખાતો : પેલા મૃગોને જૂઓ, કે જે ધૂળમાં રમતા મારા દોસ્તો બન્યા હતા : અને જૂઓ પેલી ભેંસો, કે જેમનું દુધ પીઇને હું ઉછર્યો. વડિલ ! એ સુખ જ કોઈ જૂદું હતું. વનનાં સુખોનું તે કેટલું વર્ણન કરું ? બીજાં સુખોની વાત દૂર રહી, પણ પિતાજીની સેવાનું એક સુખ પણ એવું છે, કે જેની તુલનામાં રાજસુખ આવી શકતું નથી. ”

આ પ્રમાણે વાતો કરતા બન્ને ય ભાઇ સોમચન્દ્રના આશ્રમમાં પેઠા. વલ્કલચીરીના ગયા બાદ સોમચન્દ્ર ઋષિની હાલત બહુ જ વિષમ થઇ પડી હતી. વલ્કલચીરીની શોધમાં તે વનોવન ભટક્યા હતા અને પત્તો નહિ લાગવાથી તેમણે રૂદન જ કર્યા કર્યું હતું. વલ્કલ-

ચીરીને પોતાના મહાલયમાં લઈ આવ્યા બાદ તો પ્રસન્નચન્દ્ર રાજાએ તે સમાચાર સોમચન્દ્ર ઋષિને કહેવડાવ્યા હતા, પરન્તુ તે પહેલાં તો સ્નેહવશ રાત-દિવસ રૂદન કરતા સોમચન્દ્ર ઋષિ આંખોનું નૂર ગુમાવી બેઠા હતા. સ્નેહરાગ કયા અનર્થને નથી ઉપજાવતો ?

"આપનો પુત્ર પ્રસન્નચન્દ્ર આપને નમસ્કાર કરે છે." કહીને રાજાએ સોમચન્દ્રનાં ચરણોમાં માથું મૂકયું. સોમચન્દ્રે હાથ ફેરવવા માંડ્યો. જાણે માર્ગે લાગેલી પુત્રના દેહ ઉપરની ધૂળને સાફ કરવા માંડી ! પિતાના હસ્તસ્પર્શથી પ્રસન્નચન્દ્ર પણ ખૂબ જ પુલકિત બન્યા.

હવે વલ્કલચીરીએ પ્રણામ કરતાં કહ્યું કે-"આપના ચરણ રૂપ કમલમાં ભ્રમર સમાન આપનો વલ્કલચીરી આ રહ્યો."

સોમચન્દ્રે એકદમ વલ્કલચીરીને બાથમાં લીધા, સુંઘ્યા અને ગાઢ આલિંગન કર્યું. એ જ વખતે સોમચન્દ્રની આંખમાંથી અતિ આનન્દનાં ઉષ્ણ અશ્રુઓ ટપકયાં અને એ અશ્રુઓએ સોમચન્દ્રનું અંધત્વ ટાળવામાં ઔષધનું કાર્ય કર્યું.

ગાર્હસ્થ્ય સ્નેહનું બન્ધન પુનરાવૃત્તિને પામ્યું હોય તેમ સોમચન્દ્ર ઋષિએ તે બન્નેને પ્રેમથી નિરખ્યા અને કુશલતા પૂછી.

થોડી વારે વલ્કલચીરીને પોતાનાં વર્ષો પૂર્વે તજેલાં તાપસ-ભાણ્ડોને જોવાનું મન થયું. તે અંદરની કુટિરમાં ગયા. તાપસભાણ્ડો ઉપર તો ધૂળનાં થર બાઝ્યાં હતાં. પોતાનાં તાપસભાણ્ડોની એ હાલત જોઈ વલ્કલચીરીની મમતા ઉભરાઈ. તરત જ નીચે બેસીને તેમણે પોતાના ખેશથી તે તાપસભાણ્ડોની ધૂળ ઝાટકવા માંડી. એ વખતે તે વિચારે છે કે : "પાત્રકેસરિકા દ્વારા મુનિપાત્રોનું મેં પૂર્વે ક્યાંક પણ પ્રતિલેખન કર્યું હશે ?"

એ વિચારમાં ને વિચારમાં જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ્યું અને પોતાના દેવ તથા મનુષ્ય સંબંધી પૂર્વભવોને શ્રી વલ્કલચીરીએ ગઈ કાલની જ ઘટનાઓની જેમ જોયા. પૂર્વભવમાં પાળેલા શ્રમણપણાને

સંભારતા તે મહાત્મા નિર્વાણસમ્પત્તિના મિત્ર સમા પરમ વૈરાગ્યને પામ્યા. વૈરાગ્યને પામેલા તે ધર્મધ્યાનને વટાવી શુકલધ્યાન ઉપર આરૂઢ થયા. એ ધ્યાનાનલમાં ઘાતીકર્મો ભસ્મીભૂત થઇ ગયાં. રાગદ્વેષનો સમૂલ ક્ષય સાધી તે મહાત્મા નિર્મલ કેવલજ્ઞાનને પામ્યા. પ્રત્યેકબુદ્ધ શ્રી વલ્કલચીરી મહાત્માને દેવતાઓએ આવી મુનિવેષ સમર્પ્યો.

શ્રી વલ્કલચીરી મહાત્માએ સોમચન્દ્ર અને પ્રસન્નચન્દ્રને ધર્મનો ઉપદેશ આપ્યો. એ ઉપદેશે બેઉના અન્તરમાં વિવેકદીપક પ્રગટાવ્યો. સોમચન્દ્રને આજે જ સાચા મુનિપણાનું ભાન થયું. વનવાસના પોતાના કષ્ટમય જીવનમાં પણ કારમી ધર્મહીનતા જ હતી, તેનો સોમચન્દ્રને ખ્યાલ આવ્યો. જૈન મુનિપણું સ્વીકારીને, પોતાના શેષ જીવનને સાચું સંયમશીલ બનાવવાનો તેમણે નિશ્ચય કર્યો.

રાજા પ્રસન્નચન્દ્ર ઉપર પણ કેવલજ્ઞાની મહાત્મા શ્રી વલ્કલચીરીના ઉપદેશની અદ્ભુત અસર થઈ. તેમનું હૈયું પણ વૈરાગ્યના રંગે રંગાયું. સંસારની અસારતાનો વિચાર કરતા કરતા તે પોતનપુર પાછા ફર્યા, પણ તેમને ચેન પડ્યું નહિ.

પોતાને દીક્ષા લેવી હતી અને પુત્ર હજુ તો માત્ર પાંચ જ વર્ષની ઉમ્મરનો હતો. ખૂબ મનોમન્થન ચાલ્યું. પુત્રની મમતા અને ચિન્તા ઉપર સંસારત્યાગની વૃત્તિએ વિજય મેળવ્યો. રાજા પ્રસન્નચન્દ્રે પોતાના વિશ્વાસુ મન્ત્રિઓને બોલાવ્યા, પોતાની મનોભાવના વ્યક્ત કરી અને પોતાની ગેરહાજરીમાં બાલ રાજા તેમજ પ્રજાના સંરક્ષણની તેમની પાસેથી ખાત્રી મેળવી લીધી.

પછી તો તરત જ પોતાના બાલવયસ્ક પુત્રને રાજગાદી ઉપર પ્રતિષ્ઠિત કરીને પ્રસન્નચન્દ્ર રાજાએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

મહાત્મા શ્રી વલ્કલચીરી પોતાના પિતામુનિ શ્રી સોમચન્દ્રની સાથે વિહાર કરતા પોતનપુરની નજદિકમાં આવેલા મનોરમ નામના ઉદ્યાનમાં પધાર્યા. તીર્થપતિ શ્રી વર્ધમાનસ્વામિજી ત્યાં સમવસર્યા

હતા. શ્રી સોમચન્દ્ર મુનિવરને એ તારકને સોંપીને, શ્રી વલ્કલચીરી મહાત્મા અન્યત્ર વિહરી ગયા.

[૬]

ઉત્તમ આત્માઓની દૃષ્ટિ નિરન્તર સાધ્યસિદ્ધિ તરફ જ હોય છે અને એથી તે પુણ્યપુરૂષો સિદ્ધિસાધનામાં પુદ્ગલની પરવા કર્યા વિના અપ્રમત્તભાવને ભજનારા બની જાય છે. શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ પણ દીક્ષિત બન્યા બાદ સિદ્ધિસાધનાના હેતુથી ઘોર તપ તપી રહ્યા છે.

એ મહાત્મા એક સ્થાને સૂર્યની સામે નેત્રોને સ્થિર કરીને અને પોતાની બન્ને ભુજાઓને ઉંચી કરીને, એક પગે ખડા રહી એકાગ્ર મને ધ્યાન કરી રહ્યા છે. સૂર્યના તાપથી એ મહાત્માનું શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું છે. એ વખતે એ મહાત્મા જાણે કે–શાન્તરસની સાક્ષાત્ મૂર્તિ હોય એવા લાગે છે.

જે સ્થાને આ મહાત્મા આ પ્રકારે તપ તપી રહ્યા છે, તે સ્થાનની પાસેના રસ્તે થઈને શ્રી શ્રેણિકરાજા ભગવાન શ્રી મહાવીર પરમાત્માને વન્દન કરવા માટે જઈ રહ્યા છે. શ્રી શ્રેણિકરાજાના સૈનિકો આગળ ચાલે છે. તેમાંના બે સૈનિકો શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિને એકાગ્ર મને ધ્યાન ધરતા જૂએ છે. એક સૈનિકને એ મહાત્માની અનુમોદના કરવાનું મન થઈ જાય છે.

“ અહો, મુનિઓમાં મતંગજ સમાન આ મહાત્મા વન્દનીય છે, કે જે મહાત્મા આવા પ્રકારે તપને તપે છે! બે ઘડીને માટે પણ કોણ આમ એક પગે ઉભો રહી શકે અને સૂર્યમણ્ડલને જોઈ શકે? ખરેખર, આ ઘણું દુષ્કર કાર્ય છે! ધન્ય છે!”

આત્મામાં થોડી પણ લાયકાત પ્રગટી હોય, તો આવા અવસરે આવા ઉદ્ગારો નીકળવા એ સહજ છે. ઉત્તમ આત્માઓની ઉત્તમતાને પીછાનવા માટે પણ લાયકાત જોઈએ છે. નાલાયક આત્માઓ તો ઉત્તમતાને પણ અધમતા રૂપે ઓળખવા-ઓળખાવવા તત્પર બને છે.

પેલો સૈનિક તો શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિની તપોમય ઉત્કૃષ્ટ સાધનાને જોઈને અનુમોદના કરતાં કરતાં કહે છે કે-" આવા મહાત્માઓને શું સ્વર્ગ કે શું મોક્ષ, એ દૂર નથી : કારણ કે-ઘણા એવા તપથી કયું કયું અસાધ્ય પણ સધાતું નથી ? "

તેની સાથેનો સૈનિક આ સાંભળીને બળી જાય છે. એને એમ થાય છે કે-' આને કાંઈ ગમ નથી.'

આથી તે બીજો સૈનિક કહે છે કે-" હે મિત્ર ! તું શું જાણતો નથી કે-આ રાજા પ્રસન્નચન્દ્ર છે ? આ જે કરે છે તે ધર્મ નથી. આનો તપ ફોગટ છે. આ તો પોતાના નાની વયના છોકરાને રાજ્યગાદી ઉપર પ્રતિષ્ઠિત કરીને નીકળ્યો છે, પણ મન્ત્રિઓ તો પેલાને આંબા ઉપરથી કાચી કેરીને તોડી પાડવાની જેમ પરાભવ પમાડી રહ્યા છે. આ પ્રસન્નચન્દ્ર રાજાએ પોતાનું રાજ્ય મન્ત્રિઓને રક્ષણ કરવા માટે સોંપ્યું, પણ મંત્રિઓ દુષ્ટ નીકળ્યા એટલે બીલાડાઓને સાચવવા માટે દૂધ સોંપવા જેવું થયું. હવે તે બાળકનો નાશ થયા બાદ આના વંશનો સર્વથા નાશ થવાનો છે અને એથી આ પોતાના પૂર્વજોના નામનો નાશ કરનારો પાપી છે. વળી દીક્ષા લેવાની ઇચ્છાવાળા આણે પોતાની જે પ્રિયાઓને તજી દીધી છે, તે અનાથ અબળાઓની પણ કોણ જાણે શી ગતિ થઈ હશે ? "

બેયની દષ્ટિ વચ્ચે કેવો અને કેટલો ભેદ છે ? વંશનાશને પાપ માનવું એ ડહાપણ છે ? વંશ ચલાવવાની મહેનત એ પાપ છે કે આત્મકલ્યાણ સાધતાં વંશનું નામ જતું હોય તો જવા દેવું એ પાપ છે ? વંશનું નામ રહે તો આત્માનું કલ્યાણ થાય એમ ? વંશ તો કૂતરાં-બીલાડાંનાં પણ કયાં નથી રહેતા ? વંશની નામના રાખવા માટે ધર્મને દૂર રાખવાની ઇચ્છા, એ તો પાપેચ્છા છે. વંશનું નામ રહી જાય તેથી વડિલોના આત્માને લેશ પણ લાભ થાય છે અને વંશનું નામ જાય તેથી વડિલોના આત્માને લેશ પણ હાનિ થાય છે, એમ માનવું એ કોરૂં અજ્ઞાન જ છે.

પણ પુત્રના પરાજયની વાતો શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિના કર્ણ-કોટરમાં પ્રવેશી ગઈ અને એ કારમી વાતોએ તે મહાત્માના સમાધિ રૂપી વૃક્ષને ભાંગી નાખ્યું. સામાન્ય પણ નિમિત્ત કેટલીક વાર મહાત્મા-ઓના પણ ભયંકર અધઃપાતનું કારણ બની જાય છે.

શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ વિચાર કરે છે કે–" અહો, તે કુમન્ત્રિ-ઓનું મેં જે કાંઈ સન્માન કર્યું, તે અગ્નિમાં ઘી હોમવા જેવું થયું! પાપકર્મને કરનારા તે લુચ્ચાઓએ મારા દૂધપીતા બાળકના રાજ્યનો ઉચ્છેદ કરવાનો પ્રયત્ન આરંભ્યો ? ધિક્કાર છે, એ વિશ્વાસઘાતિઓને! હું ત્યાં હોત, તો તે દુષ્ટોને નવા નવા નિગ્રહો દ્વારા અનુશાસન કરવાને ચૂકત જ નહિ! ખરેખર, પોતાના પુત્રના પરાભવની વાત જો કાને આવી, તો આ જીવિતથી પણ શું અને આ ઘણા તપથી પણ શું?"

આ રીતિએ શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ અધિકાધિક દુર્ધ્યાન ઉપર જ આરૂઢ થતા ગયા અને ક્રોધ રૂપી ભૂત વડે આવિષ્ટ એવા તે મહાત્મા પોતાની શ્રમણપણાની સ્થિતિને પણ ભૂલી ગયા. શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ ક્રોધમાં એટલા બધા અન્ધ બની ગયા કે-તેમને પોતાની અવસ્થાનું ભાન સરખુંય રહ્યું નહિ અને પેલા મન્ત્રિઓની સામે જાણે કે-યુદ્ધભૂમિમાં ઉભા હોય તેમ તેમણે મનમાં ને મનમાં યુદ્ધ આરંભી દીધું. છેદન, ભેદન આદિ દારૂણ દુષ્કર્મો તે રાજર્ષિએ મન-થી જ કરવા માંડ્યાં.

શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ આ પ્રકારે જે વખતે ઘોર દુર્ધ્યાનમાં લીન બન્યા છે, તે જ વખતે શ્રી શ્રેણિકરાજા રસ્તે જતાં એમને તપ તપતા ઉભેલા જૂએ છે. મનમાં યુદ્ધ ચાલે છે, પણ બહારનો દેખાવ તો મહા તપસ્વિપણાનો સૂચક છે. શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિને જોઈને શ્રી શ્રેણિકરાજા હાથી ઉપરથી નીચે ઉતરે છે અને ભાવપૂર્વક નમસ્કાર કરે છે. નમસ્કાર પણ એવી રીતિએ કરે છે કે–જાણે ભૂમિ-રેણુથી પોતાના ભાલને તિલક કરતા હોય!

શ્રી જિનશાસનને પામેલો ચક્રવર્તી પણ, રંકપણામાંથી તેને તજીને

સાધુ બનેલા મહાત્માનેય આ રીતિએ નમસ્કાર કરે છે : કારણ કે–દુન્યવી સત્તા કે સાહ્યબીની સાચી વિરતિ પાસે કશી જ કિંમત નથી.

શ્રી શ્રેણિકરાજા આ રીતિએ પ્રસન્નતાપૂર્વક નમસ્કાર કરે છે અને મહાત્માની તપઃશીલતાની અનુમોદના કરે છે. ભગવાનની પાસે જતાં રસ્તામાં પણ–' શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું તપઃસામર્થ્ય અદ્દભુત છે. '– એમ વિચાર્યા કરે છે.

શ્રી શ્રેણિકરાજા અવિરતિના ઘોર ઉદયવાળા હતા, પણ શુદ્ધ સમ્યગ્દષ્ટિ હતા : એ પુણ્યાત્મા સ્વયં ભલે વિરતિથી પર રહેતા, પણ વિરતિધર પ્રત્યે તેમના અન્તરમાં પૂજ્યભાવ કમ નહોતો. વિરતિધરને જોતાં જ એમના અન્તરમાં ઉલ્લાસ પ્રગટતો. વિરતિ ઉપરના રાગમાં કમીના નહોતી. આવો આત્મા ત્યારે જ વિરતિધર ન બને, કે જ્યારે વિરતિધર બનવું એ તેને માટે શકય ન હોય ! સમ્યગ્દષ્ટિ આત્મા શકયમાં પ્રવૃત્તિવાળો અને અશકયમાં સદ્દહણાવાળો હોય, એમ જે જ્ઞાનિઓએ કહ્યું છે તે યથાર્થ જ છે.

ભગવાનને પંચાંગ પ્રણિપાત કરીને શ્રી શ્રેણિકરાજા વિનય પૂર્વક યથાસ્થાને બેઠા. પછી અવસરે શ્રી શ્રેણિકરાજાએ, ભગવાન શ્રી મહાવીર પરમાત્માને પૂછ્યું કે–" હે ભગવન્ ! જે સમયે મેં ધ્યાનસ્થ એવા શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિને જોયા, તે સમયે જ જો એ મહાત્માનું દેહાવસાન થાય, તો એ મહાત્માની ગતિ કયી થાય ? "

આ પ્રશ્ન શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ પ્રત્યે પ્રગટેલા અતિ ભક્તિભાવના યોગે ઉદ્દભવ્યો છે. શ્રી શ્રેણિક રાજાને એમ થઈ ગયું છે કે–' આવા ઘોર તપનું કેવુંય સુંદર ફળ પ્રાપ્ત થાય ! ' પણ ભગવાન જે ઉત્તર આપે છે, તે સાંભળીને શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિની મનોદશાથી અજ્ઞાત આત્મા સ્તબ્ધ જ થઇ જાય તેમ છે.

શ્રી શ્રેણિકરાજાના પ્રશ્નનો ઉત્તર આપતાં, ભગવાન શ્રી મહાવીરપરમાત્મા ફરમાવે છે કે–" હે રાજન્ ! તે સમયે જો પ્રસન્નચન્દ્ર રાજર્ષિ કાલધર્મને પામે, તો સાતમી નરકે જાય ! "

સરલ બુદ્ધિને ધરનાર શ્રમણોપાસક શ્રી શ્રેણિકરાજા વિચારે છે કે–"ઉગ્ર તપસ્વી એવા એ મહાત્માની આ ગતિ કેમ ?" ફરીથી એ ભગવાનને પૂછે છે કે–"ભગવન્ ! આ સમયે જ જો તે મહામુનિ કાલ કરે, તો કયી ગતિને પામે ?"

ભગવાન કહે છે કે–"હે રાજન્ ! મહાતપસ્વી એવા તે રાજર્ષિ વર્તમાનકાળે સર્વાર્થસિદ્ધિમાં જવાને યોગ્ય છે."

આ સાંભળીને શ્રી શ્રેણિકરાજાનું આશ્ચર્ય વધી જવું, એ સ્વાભાવિક છે : પણ ભગવાનની વાણી અન્યથા હોય જ નહિ, એવી તો તેમને સંપૂર્ણ ખાત્રી છે : એટલે તેઓ પૂછે છે કે–"હે ભગવન્ ! સર્વજ્ઞની વાણી મિથ્યા હોતી જ નથી, પરન્તુ હું અજ્ઞાન છું, તો કૃપા કરીને આપ ફરમાવો કે-આવી દ્વિધા વ્યાકૃતિ થવાનું કારણ શું છે ?"

ભગવાને ફરમાવ્યું કે–"હે રાજન્ ! જે સમયે તે રાજર્ષિને તેં વન્દન કર્યું, તે સમયે તે રાજર્ષિ રૌદ્રધ્યાની હતા અને સામ્પ્રત કાલે તે રાજર્ષિ શુક્લધ્યાની છે. તે વખતે તે રૌદ્રધ્યાનપરાયણ હોઈને નરકને યોગ્ય હતા અને વર્તમાનમાં શુક્લધ્યાનપરાયણ હોઇને સર્વાર્થસિદ્ધિને યોગ્ય છે."

"ભગવન્ ! તે વખતે તે રાજર્ષિ રૌદ્રધ્યાની શાથી બન્યા હતા અને ત્યાર બાદ તે રાજર્ષિ શુક્લધ્યાની શાથી બન્યા ?"

"રાજન્ ! તારા આગળ ચાલતા એ સૈનિકોની વાર્તા સાંભળીને પોતાના જ મન્ત્રિઓ દ્વારા પોતાના પુત્રના થએલા પરાભવને સાંભળતાં, પુત્રમમત્વથી તે રાજર્ષિ સ્પર્શાયા અને એના યોગે તે રાજર્ષિએ પોતાના ક્રૂર મન્ત્રિઓની સાથે મનથી જ યુદ્ધ આરંભ્યું. તે મન્ત્રિઓ પ્રત્યક્ષ હોય તેમ તેમની સાથે અધિકાધિક યુદ્ધ કરતાં કરતાં તે રાજર્ષિ શસ્ત્રરહિત થઈ જતાં ખેદને પામ્યા. આ વખતે તેઓ પોતાને વસ્ત્રશસ્ત્રાદિથી સુસજ્જિત માની રહ્યા હતા, એટલે તે રાજર્ષિએ વિચાર્યું કે-'મારા માથાના મુકૂટથી પણ આ

લોકોને હણું !' આવો વિચાર કરીને માથાનો મુકૂટ લેવાને માટે તે રાજર્ષિએ માથા ઉપર હાથ નાખ્યો. લોચ કરેલા માથાને સ્પર્શ કરતાંની સાથે જ પ્રસન્નચંદ્ર રાજર્ષિને પોતાના વ્રતનો ખ્યાલ આવ્યો. ખ્યાલ આવતાંની સાથે જ તે રાજર્ષિએ વિચાર્યું કે-'રૌદ્રધ્યાને ચઢેલા મને ધિક્કાર હો, ધિક્કાર હો ! નિર્મમ એવા મારે તે પુત્રની સાથે અગર તો મન્ત્રિઓની સાથે શો સંબંધ છે ?'-આ રીતિએ ચિન્તવતા તે રાજર્ષિના મોહદુર્દિનનો વિલય થયો અને પુનઃ તેમનામાં વિવેક રૂપી ઝળહળતો સૂર્ય પ્રગટ્યો. અમે તે રાજર્ષિની પાસે જ હોઈએ તેમ અમને ભક્તિથી વન્દન કરીને, તે રાજર્ષિ આલોચનાદિ પૂર્વક પ્રશસ્ત ધ્યાનમાં સ્થિર બન્યા અને દુર્ધ્યાન રૂપી અરણ્યમાં ઉત્પન્ન થએલાં કર્મો રૂપી લાકડાંને તે રાજર્ષિએ શુભ ધ્યાન રૂપ અગ્નિથી બાળીને ભસ્મિભુત કરી નાખ્યાં ! "

ભગવાનના શ્રીમુખેથી આ ખૂલાસો સાંભળતાં, શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું જીવન જાણવાની શ્રી શ્રેણિકરાજાને ઇચ્છા થઈ. રાજાએ પૂછ્યું અને ભગવાને કહ્યું. ભગવાન શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું જીવન વર્ણવીને વિરામ પામ્યા, તે જ વખતે શ્રી શ્રેણિકરાજાએ આકાશમાં દેવસમ્પાત જોયો. એ વિષે ભગવાનને રાજાએ પૂછતાં, ભગવાને ફરમાવ્યું કે-"પ્રસન્નચન્દ્ર રાજર્ષિ કેવલજ્ઞાન પામ્યા છે અને તેનો મહિમા કરવાને માટે દેવતાઓ જઈ રહ્યા છે."

Printed at The 'Vir-Vijaya' Printing Press,
by Keshavlal Sankalchand Shah
Ratan Pole : Sagar's Khadaki : Ahmedabad.